અગ્રતા ક્રમ–: **૧૪**

વિભાગ:– ઉદ્યોગ અને ખાણ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૧૨૯૫

૧૫ મી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ :૧૯/૦૨/૨૦૨૪

પ્રશ્નનું શીર્ષક : મેગા/ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કાંતીભાઈ હિંમતભાઈ બલર

મત વિસ્તાર : સુરત (ઉત્તર)

# અનુક્રમણિકા


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન–૧ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ "મેગા પ્રોજેક્ટ" એટલે શુ ?તેમજ યોજના હેઠળકયા પ્રોજેક્ટ સહાયપાત્ર છે? | શ્રી કાંતિભાઇ બલર (સુરત ઉત્તર) |
| પેટા પ્રશ્ન–૨ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ ગુજરાત રાજ્ય ઓટો સેક્ટરમાં ફોર વ્હીલર તથા ટુ વ્હીલર માટેની કુલ કેટલી સ્થાપિત ઉત્પાદન ક્ષમતા હાંસલ કરેલ છે ? | શ્રી કાંતિભાઇ બલર (સુરત ઉત્તર) |
| પેટા પ્રશ્ન–૩ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળમુખ્યત્વે કયા-કયા સેકટરોમાં વધુ મુડીરોકાણ આવેલ છે?તેમજ યોજના હેઠળ કયા-કયા રોકાણને સહાય-પાત્ર મૂડી રોકાણ તરીકે માન્ય ગણવામાં આવે છે? | શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) |
| પેટા પ્રશ્ન–૪ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજનાથી રાજ્યને શુ ફાયદો થયેલ છે ? | શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) |
| પેટા પ્રશ્ન–૫ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ રાજ્યમાં કયા કયા પ્રોજેક્ટ સ્થપાયેલ છે ? | શ્રી મનુભાઇ પટેલ (ઉધના) |
| પેટા પ્રશ્ન–૬ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ સહાયપાત્ર થવા મહત્તમ મૂડીરોકાણની મર્યાદા શું છે ? | શ્રી મનુભાઇ પટેલ (ઉધના) |
| પેટા પ્રશ્ન ૭ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજનાહેઠળ કેવા પ્રકારની સહાયની જોગવાઇ કરવામાં આવે છે. | |
| પેટા પ્રશ્ન ૮ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજનાહેઠળ કયા એકમોને ગ્રોસ એસ.જી.એસ.ટી. રી-ઇમ્બર્સમેન્ટ (પૂન: ભરપાઇ) અને કયા એકમોને નેટ એસ.જી.એસ.ટી. રી-ઇમ્બર્સમેન્ટ (પૂન: ભરપાઇ)સહાયની જોગવાઇ કરવામાં આવેલછે ? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

1/C

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1295

વિષય:

મેગા/ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 15/01/2024 | તારીખ 13/02/2024 | 30/01/2024 |

*15/4/1295 શ્રી કાંતીભાઇ હિંમતભાઇ બલર (સુરત (ઉત્તર))

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

રાજ્ય સરકારની મેગા/ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

----

---

[મુખ્ય પેજ પર જાઓ]

# વિભાગે કરેલ જવાબ



**મેગા/ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય**

***15/4/1295 શ્રી કાંતીભાઈ હિંમતભાઈ બલર** (સુરત-ઉત્તર): **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| રાજ્ય સરકારની મેગા/ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે? | કુલ-૩ એકમોને કુલ રૂ.૪,૭૫,૪૦,૦૩,૮૮૩/- |

જવાબ આપવાની તારીખ : ૧૩/૦૨/૨૦૨૪

ક્રમાંક:-વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર-૦૩/આઇ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા,
સચિવાલય, ગાંધીનગર.

ગુજરાત વિધાનસભા સચિવાલયના તા.૩૦/૦૧/૨૦૨૪ના પત્ર અન્વયે (જવાબની વધારાની ત્રણ નકલો સહિત)

O/C
Patel
૯/૨/૨૪

(બી.એસ.મહેતા)
સંયુક્ત સચિવ (પ્રો.)
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

**નકલ રવાના:-**

(૧) ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૨) સેક્શન અધિકારીશ્રી,સંકલન શાખા,ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૩) સિલેક્ટ ફાઇલ.

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

| ક્રમ | યોજનાનું નામ | મેગા / ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય |
|---|---|---|
| ૧ | યોજનાની શરૂઆત | તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને હાલના યશસ્વી વડાપ્રધાનશ્રી દ્વારા વર્ષ ૨૦૦૯માં યોજનાની શરૂઆત કરવામાં આવેલ હતી.<br>૨૦૧૬માં તેની મુદ્દતમાં ૨૦૨૧ સુધીનો વધારો કરવામાં આવેલ હતો. |
| ૨ | હેતુ | ગુજરાતને ઓટોમોબાઈલ હબ બનાવવા માટે. |
| ૩ | યોજનામાં પાત્રતા | ઓછામાં ઓછુ રૂ.૧૦૦૦ કરોડનું મુડીરોકાણ અને ઓછામાં ઓછી ૨૦૦૦ વ્યકિતઓને રોજગારી |
| ૪ | યોજનાની ફળશ્રુતિ | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ રાજ્યમાં નીચે મુજબની આંતરરાષ્ટ્રીય કક્ષાની ઓટોમોબાઇલ કંપનીઓ સ્થપાયેલ છે.<br>(૧) હોન્ડા મોટર સાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડીયા પ્રા.લી.<br>(૨) સુઝૂકી મોટર ગુજરાત પ્રા.લી.<br>(૩) ફોર્ડ ઈન્ડીયા પ્રા.લી. (મે. ટાટા મોટર્સ લી. દ્વારા હસ્તાન્તરણ કરાયેલ છે.<br>(૪) હીરો મોટો કોર્પ લી.<br>(૫) એમજી મોટર્સ ઈન્ડીયા પ્રા.લી.<br>(૬) મે. એમઆરએફ લી.<br>ઉપરોક્ત એકમો દ્વારા યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં કુલ રૂ.૩૯૪૯૨.૧૪ કરોડ (આશરે રૂપિયા ઓગણચાલીસ હજાર ચારસો બાણું કરોડ) નું મુડીરોકાણ કરવામાં આવેલ છે. |
| ૫ | અન્ય | યોજના હેઠળ સહાયપાત્ર પ્રોજેક્ટને કેસ ટૂ કેસ બેઝિઝ પર અલગ-અલગ ઠરાવથી નાણાકીય સહાય મંજૂર કરવામાં આવે છે. |

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ગુજરાત રાજયમાં ઓટોમોબાઇલ ઉદ્યોગોના વિકાસ થાય તે માટે અને દેશમાં ઓટોમોબાઇલ ક્ષેત્રનો ભવિષ્યમાં ખુબજ વિકાસ થશે તેવી દુરંદેશી ધરાવતા તત્કાલિન માન.મુખ્યમંત્રીશ્રી અને હાલના યશસ્વી વડાપ્રધાનશ્રી દ્વારા ૨૦૦૯ માં મેગાપ્રોજેકટની યોજના જાહેર કરેલી હતી. જેને કારણે મારૂતી સુઝુકી, એમ.જી. મોટર્સ, હીરો મોટોકોર્પ અને હોન્ડા મોટર સાયકલ જેવી આંતરાષ્ટ્રીય કંપનીઓએ ગુજરાત રાજયમાં તેમનો પ્લાન્ટ શરૂ કરેલા હતા.

આ એકમોના સહયોગી એકમોએ પણ તેમની નજીકના ક્ષેત્રમાં ઓટોમોબાઇલ કમ્પોનન્ટ સ્થાપવા ઉત્પાદન એકમો શરૂ કરેલા છે. આ ઉપરાંત એમ.આર.એફ. અને મેકિસસ રબર જેવી અન્ય આંતરાષ્ટ્રીય કંપનીઓએ ટાયર બનાવવાની ફેકટરી શરૂ કરેલ છે. આના કારણે ગુજરાત રાજયએ ઓટોમોબાઇલ ક્ષેત્રે દેશમાં તેમજ વૈશ્વિક સ્તરે આગવુ સ્થાન મેળવ્યું છે.

આ યોજના હેઠળ કુલ ૭(સાત) એકમોની અરજીઓ મળેલ છે. જે પૈકીના ઠરાવની જોગવાઇઓ સંતોષતા કુલ ૬(છ) એકમોને યોજના હેઠળ કુલ રૂ.૨૭૩૨.૭૮ કરોડની સહાયનુ ચૂકવણૂ કરવામાં આવેલ છે અને તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં૩ એકમોને કુલ રૂ.૪૭૫,૪૦,૦૩,૮૮૩/- (આશરે ૪૭૫ કરોડ)ની નાણાકીય સહાય આપવામાં આવેલ છે.

આ યોજના હેઠળ ૬ એકમોમાં રૂ.૩૯૪૯૨.૧૪ કરોડ (આશરે રૂપિયા ઓગણચાલીસ હજાર ચારસો બાણું કરોડ) ના સૂચિત મુડીરોકાણ સાથે ૩૪૯૮૨ લોકોને રોજગારી ઉભી થયેલી છે. આમ, આ યોજના દ્વારા ગુજરાતમાં તમામ ઔધોગિક ક્ષેત્રોમાં મોટુ મુડીરોકાણ તેમજ સીધી અને આડકતરી રીતે વ્યાપક રોજગારી ઊભી થયેલ છે. જેને આ યોજનાની જવલંત સફળતા ગણી શકાય.

મુખ્ય પેજ પર જાઓ

## પૂરક માહિતી

<u>મેગા ઇનોવેટીવ પ્રોજેકટને સહાય યોજના :</u>

- ઠરાવ ક્રમાંક - એમજીપી/૧૦૨૦૦૯/૫૮૭૮૨/આઇ તા.૨૯/૧૨/૨૦૦૯
- યોજનાનો સમયગાળો – તા.૨૯/૧૨/૨૦૦૯ થી તા.30/0૬/૨૦૨૧
- ગુજરાત રાજ્યને વ્યાપક સામાજિક અને આર્થિક વિકાસની દિવાદાંડી બનાવવાના વિઝન સાથે રાજ્ય સરકારે ઔદ્યોગિક નીતિ ૨૦૦૯ જાહેર કરેલ હતી. આ નીતિ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં ગુજરાતને રોકાણનું સૌથી આકર્ષક સ્થળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ગુજરાત રાજ્યને સ્પર્ધા અને ટેક્નોલોજી ઈનોવેશનમાં અગ્રેસર કરવા, અત્યાધુનિક ટેક્નોલોજી સાથે મોટા પાયે રોકાણ આકર્ષિત કરવા તથાનવીન પ્રોજેક્ટ્સમાં રોકાણને પ્રોત્સાહિતકરવાના ઉદ્દેશ્ય સાથે,આ યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. જેને મોટા ઉદ્યોગો દ્વારા સારો એવો પ્રતિસાદ મળેલ છે.
- રાજય સરકાર દ્વારા પસંદ કરેલ ચોકકસ પ્રકારના ફોકસ સેકટરના પ્રોજેકટમાં ઓછામાં ઓછુ રૂ.૧૦૦૦ કરોડનું મુડીરોકાણ અને ઓછામાં ઓછી ૨૦૦૦ વ્યકિતઓને રોજગારી ઉભી થતી હોય તેવા પ્રોજેકટને મેગા પ્રોજેકટ ગણવામાં આવે છે.
- જે પ્રોજેકટમાં ઓછામાં ઓછું રૂ.૫૦૦ કરોડનું રોકાણ અને ૧૦૦૦ વ્યકિતઓને ઇનોવેટીવ પ્રોજેકટ તથા ઇનોવેટીવ પ્રોજેક્ટના ધારાધોરણનુ પાલન કરતા હોય તેને ઇનોવેટીવ પ્રોજેક્ટ ગણવામાં આવે છે.
- યોજના હેઠળ ફોકસ સેક્ટરની યાદી નીચે પ્રમાણે છે.
  ૧) ઑટો અને ઑટો કમ્પોનન્ટ
  ૨) શીપ બિલ્ડીગ અને શીપ રીપેર
  3) સેમી કન્ડક્ટર ફેબ્રીકેશન
  ૪) નેનો ટેકનોલોજીને લગત ઉદ્યોગો
  ૫) એરક્રાફ્ટ માટેના મેઇન્ટેનન્સ, રીપેરઅને ઓવરઑલ (MRO) હબ
- આ યોજના હેઠળ ઑટો અને ઑટો કમ્પોનન્ટ સેક્ટર હેઠળ હીરો મોટો કોર્પ લી., હોન્ડા મોટર સાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડીયા પ્રા.લી., સુઝૂકી મોટર ગુજરાત પ્રા.લી., એમજી મોટર્સ ઈન્ડીયા પ્રા.લી., ફોર્ડ ઈન્ડીયા પ્રા. લી.(મે. ટાટા મોટર્સ લી. દ્વારા હસ્તાન્તરણ કરાયેલ છે)જેવા એકમો સહાયપાત્ર થયેલ છે. જેમને ચૂકવણાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | એકમનું નામ | અરજીનું સ્ટેટસ | યોજના હેઠળ થયેલ કુલ ચૂકવણાની વિગત અને તારીખ | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાંચૂકવણાની વિગત |
|---|---|---|---|---|
| ૧ | મે. સુઝૂકી મોટર ગુજરાત પ્રા.લી. | પીઈસી આપવામાં આવેલ છે. | ૯૧૬,૧૬,૦૫,૨૨૦/- (આશરે નવસો સોળ કરોડ) (તા..૨૭-૦૨-૨૦૧૭થી તા.૩૦-૦૯-૨૦૨૨) | ૨૮૮,૩૮,૯૦,૩૦૯/- |
| ૨ | મે. એમજી મોટર્સ ઈન્ડીયા પ્રા.લી. | પીઈસી આપવામાં આવેલ છે. | ૧૪૧,૭૦,૭૯,૪૫૯/- (આશરે એકસો એતાલીસ કરોડ) (તા.૦૧-૦૪-૨૦૧૯ થી તા.૩૦-૦૯-૨૦૨૨) | ૮૭.૦૧.૧૩.૫૭૪/- |
| ૩ | મે. હીરો મોટો કોર્પ લી. | એફઈસી આપવામાં આવેલ છે. | ૭૪૭,૫૮,૬૩,૬૫૮/- (આશરે સાતસો સુડતાલીસ કરોડ) (તા.૧૬-૧૧-૨૦૧૬ થી તા.૩૦-૦૬-૨૦૨૩) | ૧,૦૦,૦૦,૦૦,૦૦૦/- |
| ૪ | મે. હોન્ડા મોટર સાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડીયા પ્રા.લી. | પીઈસી આપવામાં આવેલ છે. | ૭૫૪,૧૭,૨૫,૫૧૨/- (આશરે સાતસો ચોપન કરોડ) (તા.૦૧-૦૨-૨૦૧૬ થી તા.૩૧-૦૩-૨૦૨૧) | - |
| ૫ | મે. ફોર્ડ ઈન્ડીયા પ્રા.લી. (મે. ટાટા મોટર્સ લી. દ્વારા હસ્તાન્તરણ કરાયેલ છે. જેની કામગીરી પ્રગતિમાં છે) | પીઈસી આપવામાં આવેલ છે. | ૧૭૩,૧૫,૩૫,૨૩૭/- (આશરે એકસો તોત્તેર કરોડ) (તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૯) | - |
| ૬ | મે. એમઆરએફ લી. | પીઈસી આપવામાં આવેલ છે. | - | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | મે. મેકિસસ રબર પ્રા. લી. | એકમની કુલ રોજગારી ૨૦૦૦થી ઓછી હોઇ, રજિસ્ટ્રેશન આપવામાં આવેલ નથી. | - | - |
| કુલ | | | ૨૭૩૨,૭૮,૦૯,૦૮૬/- (આશરે બે હજાર સાતસો બત્રીસ કરોડ) | રૂ.૪૭૫,૪૦,૦૩,૮૮૩/- (આશરે ચારસો પંચોત્તેર કરોડ) |

રાજ્ય સરકારની મેગા/ઈનોવેટીવ ઉદ્યોગોને સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ ૩ એકમોને કુલ રૂ.૪૭૫,૪૦,૦૩,૮૮૩/- (આશરે ૪૭૫ કરોડ)ની નાણાકીય સહાય કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૪

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૨૯૫

પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ:

**શ્રી કાંતિભાઈ હિંમતભાઈ બલર –સુરત (ઉત્તર)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન૧** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ "મેગા પ્રોજેક્ટ" એટલે શુ ?તેમજ યોજના હેઠળકયા પ્રોજેક્ટ સહાયપાત્ર છે? |
| **જવાબ** | રાજય સરકાર દ્વારા પસંદ કરેલ ચોકકસ પ્રકારના ફોકસ સેકટરના પ્રોજેકટમાં ઓછામાં ઓછુ રૂ.૧૦૦૦ કરોડનું મુડીરોકાણ અને ઓછામાં ઓછી ૨૦૦૦ વ્યકિતઓને રોજગારી ઉભી થતી હોય તેવા પ્રોજેકટને મેગા પ્રોજેકટ ગણવામાં આવે છે.<br><br>યોજના હેઠળ નીચેના ફોકસ સેક્ટર હેઠળના પ્રોજેક્ટ સહાયપાત્રછે.<br>૧) ઑટો અને ઑટો કમ્પોનન્ટ<br>૨) શીપ બિલ્ડીંગ અને શીપ રીપેર<br>3) સેમી કન્ડક્ટર ફેબ્રીકેશન<br>૪) નેનો ટેકનોલોજીને લગત ઉદ્યોગો<br>૫) એરક્રાફ્ટ માટેના મેઇન્ટેનન્સ, રીપેરઅને ઓવરઑલ (MRO) હબ |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૪

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૨૯૫**

પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ:

**શ્રી કાંતિભાઈ હિંમતભાઈ બલર –સુરત (ઉત્તર)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન૨** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ ગુજરાત રાજ્ય ઓટો સેક્ટરમાં ફોર વ્હીલર તથા ટુ વ્હીલર માટેની કુલ કેટલી સ્થાપિત ઉત્પાદન ક્ષમતા હાંસલ કરેલ છે ? |
| **જવાબ** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ ગુજરાત રાજ્ય ઓટો સેક્ટરમાં<br>પ્રતિ વર્ષ કુલ૧૧,૬૨,000(અગીયાર લાખ બાસઠ હજાર) ફોર વ્હીલર તથા પ્રતિ વર્ષ 30,00,000 (ત્રીસ લાખ) ટુ વ્હીલર<br>સ્થાપિત ઉત્પાદન ક્ષમતા હાંસલ કરેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૪

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૨૯૫

પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ:

**શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન૩** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળમુખ્યત્વે કયા-કયા સેકટરોમાં વધુ મુડીરોકાણ આવેલ છે?તેમજ યોજના હેઠળ કયા-કયા રોકાણને સહાય-પાત્ર મૂડી રોકાણ તરીકે માન્ય ગણવામાં આવે છે? |
| **જવાબ** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ મુખ્યત્વે ઑટો અને ઑટો કમ્પોનન્ટ સેકટરમાં વધુ મુડીરોકાણ થયેલ છે.<br>યોજના હેઠળ સ્થાયી મૂડીરોકાણ કે જેમાં જમીન, મકાન, પ્લાન્ટ અને મશીનરી વગેરે ખર્ચને માન્ય ગણવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૪

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૨૯૫

## પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ:

## શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ)

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૪** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજનાથી રાજ્યને શુ ફાયદો થયેલ છે ? |
| **જવાબ** | • સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ અમદાવાદ, ભરૂચ તથા પંચમહાલ જિલ્લામાં મૂડીરોકાણ થયેલ છે.<br>• ગુજરાત રાજ્યના અમદાવાદ તથા મહેસાણા જીલ્લાની હદમાં રાજ્ય સરકારની પહેલથી સ્થપાયેલ ૧૦૦૦ કરોડથી વધુના મૂડીરોકાણ વાળા ઓટો મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટના કારણે આ વિસ્તારમાં તેને સંલગ્ન આનુસંગિક મેન્યુફેક્ચરીંગ એક્ટીવીટીવાળા એકમો સ્થપાયેલ છે. જે કારણે આ વિસ્તાર રાજ્યમાં સાણંદ – માંડલ-બેચરાજી ઑટો હબ તરીકે ઊભરી આવેલ છે.<br>• વધુમાં, પંચમહાલ જિલ્લામાં સ્થપાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાના ઓટો મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટના કારણે વડોદરા – પંચમહાલ વિસ્તારમાં પણ તેને સંલગ્ન આનુસંગિક મેન્યુફેક્ચરીંગ એક્ટીવીટીવાળા એકમો સ્થપાયેલ છે. જેને કારણે આ વિસ્તારોનો બહોળો વિકાસ થયેલ છે.<br>• રાજ્યમાં યોજના હેઠળ સ્થપાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાના એકમોને કારણે સીધી તેમજ આડકતરી રીતે વ્યાપક રોજગારી ઊભી થયેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૪

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૨૯૫**

પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ:

**શ્રી મનુભાઈ પટેલ (ઉધના)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૫** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ રાજ્યમાં કયા કયા પ્રોજેક્ટ સ્થપાયેલ છે ? |
| **જવાબ** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં (૧) હોન્ડા મોટર સાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડીયા પ્રા.લી. (૨) સુઝૂકી મોટર ગુજરાત પ્રા.લી. (3) ફોર્ડ ઈન્ડીયા પ્રા.લી. (મે. ટાટા મોટર્સ લી. દ્વારા હસ્તાન્તરણ કરાયેલ છે) ના પ્રોજેક્ટ તથા પંચમહાલ જિલ્લામાં (૧) હીરો મોટો કોર્પ લી. (૨) એમજી મોટર્સ ઈન્ડીયા પ્રા.લી જેવા પ્રોજેક્ટ સ્થપાયેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૪

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૨૯૫**

પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ:

**શ્રી મનુભાઇ પટેલ (ઉધના)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૬** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ સહાયપાત્ર થવા મહત્તમ મૂડીરોકાણની મર્યાદા શું છે ? |
| **જવાબ** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ સહાયપાત્ર થવા મહત્તમ મૂડીરોકાણની કોઇ જ મર્યાદા નથી. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૪

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૨૯૫

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૭** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજનાહેઠળ કેવા પ્રકારની સહાયની જોગવાઇ કરવામાં આવે છે. |
| **જવાબ** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજના હેઠળ સ્ટેટ લેવલ અપ્રુવલ કમીટી દ્વારા “કેસ ટૂ કેસ બેઝિઝ” ગ્રોસ / નેટ એસ.જી.એસ.ટી. રી-ઇમ્બર્સમેન્ટ (પૂન: ભરપાઇ) ની જોગવાઇ કરવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૪

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૨૯૫

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૮** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજનાહેઠળ કયા એકમોને ગ્રોસ એસ.જી.એસ.ટી. રી-ઇમ્બર્સમેન્ટ (પૂન: ભરપાઇ) અને કયા એકમોને નેટ એસ.જી.એસ.ટી. રી-ઇમ્બર્સમેન્ટ (પૂન: ભરપાઇ)સહાયની જોગવાઇ કરવામાં આવેલછે ? |
| **જવાબ** | સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા / ઇનોવેટીવ પ્રોજેક્ટ યોજનાહેઠળ નીચે મુજબના એકમોને ગ્રોસ એસ.જી.એસ.ટી. રી-ઇમ્બર્સમેન્ટ (પૂન: ભરપાઇ) સહાયની જોગવાઇ કરવામાં આવેલ છે<br>(૧) સુઝૂકી મોટર ગુજરાત પ્રા.લી.<br>(૨) એમજી મોટર્સ ઈન્ડીયા પ્રા.લી<br>(3) હોન્ડા મોટર સાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડીયા પ્રા.લી.<br>(૪) હીરો મોટો કોર્પ લી.<br>(૫) ફોર્ડ ઈન્ડીયા પ્રા.લી. (મે. ટાટા મોટર્સ લી. દ્વારા હસ્તાન્તરણ કરાયેલ છે)<br><br>તથા યોજના હેઠળ મે. એમ. આર. એફ. લીમીટેડ એકમને નેટ એસ.જી.એસ.ટી. રી-ઇમ્બર્સમેન્ટ (પૂન: ભરપાઇ) સહાયની જોગવાઇ કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ